## 1. Space on Wheels Exhibition, Vardhari, Mahisagar district -18TH JULY 2022



The event of “Mobile exhibition on Indian Launch vehicles and Rockets ” at Vardhari was held on 18th July 2022 as per ISRO-HQ scheduled event to celebrate “Successful Launch of SL V, (India's First launch vehicle)”. SAC and DECU organized this event viz. Exhibition at a rural Village “Vardhari”, in Mahisagar District of Gujarat (One of our SAC Scientists, Shri Naimesh Patel studied in this school of village). The event was successfully completed under the leadership of our Head-VSSE Incharge, Shri Naresh J. Bhatt and guidance of Dr. Parulben Patel, Group Director-RTCG/MISA/SAC.




સદાય આપની વ્હારે આવતું સચ્ચાઈની રાહે ચાલતું નિષ્પક્ષ અખબાર

અડગ ગુજરાતનો અવાજ

R.N.I.Reg. No. : GUJGUJ/2014/59615

# અડિખમ ગુજરાત

અખબાર

સોશિયલ મીડિયા આવૃત્તિ

સોમવાર તા.૧૮ ❖ જૂલાઈ ૨૦૨૨ ❖ અષાઢ વદ ૫

તંત્રી : રાકેશ પંડ્યા ❖ સહતંત્રી : આશિષ પંડ્યા ❖ મેનેજીંગ તંત્રી : રાજીવ સોલંકી ❖ સંવત ૨૦૭૮ ❖ વર્ષ : ૦૮ (જાહેર ખબર વિભાગ - ૯૬૩૮૦ ૩૬૨૬૭)

## ઈસરોની સ્પેસ ઓન વ્હિલ્સને નિહાળી મહીસાગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારના બાળકો ખુશ ખુશાલ

વરધરી સી.કે.શાહ હાઈસ્કૂલ ખાતે આસપાસની હાઈસ્કૂલો અને પ્રાથમિક શાળાના બાળકોએ મોટી સંખ્યામાં પ્રદર્શનને નિહાળ્યું

અડિખમ ગુજરાત ● લુણાવાડા, તા. ૧૮ જૂલાઈ

મહીસાગર જિલ્લાની વરધરી સી.કે. શાહ હાઈસ્કૂલ ખાતે ઈસરોના વૈજ્ઞાનિકો દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રદર્શન યોજાયું હતું. આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત આયોજીત આ પ્રદર્શનનો વરધરી આસપાસની શાળાઓના ૨૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. વિજ્ઞાનએ જીવનનો પ્રકાશ છે. બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે અને વૈજ્ઞાનિક અભિગમ કેળવાય, છેવાડાના અંતરિયાળ વિસ્તારના બાળકો અંતરિક્ષ વિજ્ઞાનથી પરિચીત થાય અને પોતાની પ્રતિભાને બહાર લાવી રાષ્ટ્ર વિકાસનો હિસ્સો બને તેવા ઉમદા હેતુસર ઈસરો દ્વારા વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શનનું ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન ઈસરો અમદાવાદ દ્વારા આયોજન કરવામાં આવે છે. આ પ્રદર્શનમાં સંસ્થાના એકઝીબીશન હેડ એન.જે.ભટ્ટ, વરધરીના યુવા વૈજ્ઞાનિક નૈમેષ પટેલ સહિત સાયન્સ કોમ્યુનિકેટર અને ટેકનિશીયનની ટીમે શાળાના બાળકોને સ્પેસ ઓન વ્હિલ્સ બસમાં લાવેલા અંતરિક્ષ સાધનોના નમૂના તેમજ વિવિધ યાન વિશે સમજૂતી આપી બાળકોની જીજ્ઞાસાને સંતોષતી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતુ. સાથે સાથે વિડીયો ફિલ્મના માધ્યમથી અંતરિક્ષ વિજ્ઞાન વિશે વિશેષ જાણકારી આપી હતી. વરધરી ગામના ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરીને ઈસરોના વૈજ્ઞાનિક તરીકે સેવારત યુવા વૈજ્ઞાનિક નૈમેષ પટેલે બાળકોને પોતાના ઉદાહરણથી પ્રોત્સાહિત કરી મનગમતા ક્ષેત્રમાં આગળ વધવા પ્રેરણા આપી હતી તેમજ પ્રત્યક્ષ પ્રયોગોના માધ્યમથી વિજ્ઞાનના નિયમો સમજાવ્યા હતા.

વરધરી સી.કે. શાહ હાઈસ્કૂલના આચાર્ય નરેન્દ્રભાઈ પ્રજાપતિ અને શાળા પરિવાર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું હતુ. જેના પરિણામે આસપાસની આઈ.ટી.આઈ સહિત ધ મોર્ડન હાઈસ્કૂલ ખેમપુર, પ્રગતિ હાઈસ્કૂલ ઢેસીયા, પ્રાથમિક શાળા આગરવાડા, પ્રાથમિક શાળા વરધરી, નંદનવન હાઈસ્કૂલ ચારણગામ નમનાર, સરસ્વતી હાઈસ્કૂલ લકડી પોયડા, શાંતિનીકેતન હાઈસ્કૂલ કડાછલા શાળાઓના બાળકોએ મોટી સંખ્યામાં આ પ્રદર્શનનો લાભ લીધો હતો.

વરધરી

આપની વિસ્તારની વિશેષતા, ઘટનાઓ, જન સમસ્યા તેમજ જાહેરાત માટે સંપર્ક કરો (જાહેર ખબર વિભાગ - ૯૬૩૮૦ ૩૬૨૬૭)

**SPACE ON WHEELS -** by SAC and DECU reached out to these schools – Vardhari C.K Shah High school, The Modern High School (Khempur), Pragati High School (Dhesiya), Primary School from Agarvada, Primary School from Vardhari, Nandanvan Highschool (Charangam Namnaar), Saraswati High School (Lakdi poyda), Shantiniketan High school, (Kadachla).

The bus covered these nearby schools from Mahisagar district, imparting knowledge to almost 2500 students. The event got featured in one of the Local newspaper “Adikham Gujarat”.